BN-7

# ફિશીંગ ઍટેક્સ માટે ગ્રાહકોને અગત્યની આરબીઆઇ સૂચના

- **ભારતીય રિઝર્વ બેંક તરફથી મોકલવામાં આવેલો છે એવો દાવો કરનારા ફિશીંગ ઈ-મેલ્સને જવાબ ના આપશો.**
- ભારતીય રિઝર્વ બેંકના ધ્યાનમાં આવ્યું છે કે એના નામે ''ગ્રાહકોને એમના બેંક ખાતાની વિગતોને જાણ કરવા ગ્રાહકોને આમંત્રણ આપતાં'' ઈ-મેલ મોકલવામાં આવી રહ્યા છે.
- ભારતીય રિઝર્વ બેંક સ્પષ્ટ કરે છે કે તેમના દ્વારા આવાં કોઈ ઈ-મેલ મોકલવામાં આવ્યાં નથી. ભારતીય રિઝર્વ બેંક અથવા બેંકો કદાપિ કોઈ પણ હેતુ માટે બેંક ખાતાની વિગતો મંગાવવા માટે કૉમ્યુનિકેશન જારી કરતી નથી. ભારતીય રિઝર્વ બેંક જાહેર જનતાના સભ્યોને અપીલ કરે છે કે આવાં ઈ-મેલને કોઈ જવાબ નહીં આપે અને કોઈપણ હેતુ માટે કોઈપણ સાથે એમના બેંક ખાતાની વિગતોની જાહેર ના કરે.
- લેભાગુઓ લેટર્સ, ઈ-મેલ, મોબાઈલ ફોન્સ, એસએમએસ વગેરે મારફત જનતાને આકર્ષક ઑફરો મોકલે છે. આવી ઑફરો પર ભરોસો બેસે એ માટે સંદેશા-વ્યવહાર મોટેભાગે ભારતીય રિઝર્વ બેંક જેવી જાહેર સત્તાની દેખાતી વેબસાઈટો/લેટરહેડ્સ પર કરવામાં આવે છે. ઑફરો દેખીતી રીતે સર્વોચ્ચ ઍક્ઝિક્યુટિવો/આવા સત્તાવાળાઓના સીનિયર અધિકારીઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલી હોય છે. આમ છતાં, અધિકારીઓનાં નામ સાચાં હોઈ શકે છે પરંતુ એમના હસ્તાક્ષરો બનાવટી હોય છે. ઑફર દસ્તાવેજમાં રિઝર્વ બેંક/જાહેર સત્તામાંના કોઈ વિભાગમાં કામ કરતા તથા કથિત આરબીઆઈ અધિકારીઓના સંપર્કની વિગતો આપી હોય છે. જાહેર જનતાના સભ્યોને **રિઝર્વ બેંક પરદેશથી નાણાંની ઑફર કરતી આવી ઑફરોનો કોઈ પણ રીતે જવાબ ના આપવા માટે સાવધાન કરે છે.**
- **જાહેર જનતાના સભ્યોને અજાણી હસ્તીઓ તરફથી આવી સ્કીમો/ઑફરોમાં ભાગ લેવા માટે કોઈ નાણાં ના મોકલવા બાબતમાં પણ સાવધાન કરે છે.** કારણ કે આવું રેમિટન્સ ગેરકાયદેસર છે અને ભારતની કોઈપણ વ્યક્તિ ભારતની બહાર આવી રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આવી ચુકવણીઓને કલેક્ટ અને ઈફેક્ટ/રેમિટ કરે તો એની સામે ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ ઍક્ટ, 1999ના ઉલ્લંઘન બદલ કાયદેસર રીતે જવાબદાર છે. આવી ઑફરો બનાવટી છે અને જનતાએ જ્યારે આવી ઑફર મેળવે કે આવી છે તરપિંડીનો ભોગ બને કે તરત જ સ્થાનિક પૉલિસ/સાયબર-ક્રાઈમ ઑથોરિટીઓ પાસે ફરિયાદ નોંધાવવી જોઈએ.
- **રિઝર્વ બેંક કોઈ પણ નામે ઓડખાતા મની એરેન્જમેન્ટ કોઈ પણ પ્રકારે હાથ ધરતું નથી અને આવી નકલી સંદેશા-વ્યવહારના જવાબ આપીને મોકલેલાં નાણાંને પાછા મેળવી આપવાની જવાબદારી લેતી નથી.**

Validity : Permanent
Ver : BN7_V1.0_Sep11

એચ ડી એફ સી બેંક
અમે સમજીએ છીએ તમારી દુનિયા